ધોરણ-૧૧,૧૨ના વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓને તથા આર્થિક રીતે પછાત વર્ગની વિદ્યાર્થીનીઓને IIM, CEPT, NIFT, NLUની પરીક્ષાની પૂર્વતૈયારી માટે કોચિંગ સહાય

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંકઃ સશપ/૧૦૨૦૧૩/એનબી-૭૪૧/અ.૧
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૧૩/૦૧/૨૦૨૦

**વંચાણે લીધાઃ-**

(૧) વિભાગનો તા.૦૬/૦૮/૨૦૧૪નો સરખા ક્રમાંકનો ઠરાવ

(૨) વિભાગનો તા.૨૯/૧૦/૨૦૧૪નો સરખા ક્રમાંકનો ઠરાવ

(૩) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા.૧૯/૦૯/૨૦૧૯નો પત્ર ક્રમાંક: વિજાક/શિક્ષણ/૨૦૧૯-૨૦/૩૫૦૨

**સુધારા ઠરાવઃ-**

વંચાણે લીધેલ ઠરાવ (૧) અને (૨)થી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓ તથા આર્થિક રીતે પછાત વર્ગની વિદ્યાર્થીનીઓને IIM, CEPT, NIFT, NLUની પરીક્ષાની પૂર્વતૈયારી માટે કોચિંગ પેટે વિદ્યાર્થી દીઠ રૂ.૨૦,૦૦૦/-ની મર્યાદામાં સંસ્થાઓની પસંદગી રીઝલ્ટબેઝ ક્રાઇટેરીયા નિયત કરી સંસ્થાઓની પસંદગી કરી સંસ્થા ઇમ્પેનલ કરી નક્કી થયેલ સંસ્થાઓને સહાય ચૂકવવાની યોજના અમલમાં છે.

વંચાણે લીધેલ (૩) પરની નિયામકશ્રી(વિ.જા.ક.) દ્વારા કરવામાં આવેલ દરખાસ્ત અનુસાર ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમની સમાન પ્રકારની યોજનાઓના ધોરણો પ્રમાણે ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓને તથા આર્થિક રીતે પછાત વર્ગની વિદ્યાર્થીનીઓને વિદ્યાર્થી દીઠ રૂ.૨૦,૦૦૦/- અથવા ખરેખર ચૂકવવાની થતી ફી એ બે પૈકી જે ઓછું હોય તે સીધી સહાય (ડીબીટી) તરીકે ચૂકવવામાં

આવે તથા આ યોજનામાં વિદેશ જવા માટે આપવી પડતી IELTS, TOEFL, GREની પરીક્ષાની પૂર્વ તૈયારી કરતા વિદ્યાર્થીઓને પણ લાભ આપવામાં આવે તે મુજબ હાલના ઠરાવની શરતોમાં જરૂરી સુધારા કરવા માટેની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાના અંતે વંચાણે લીધેલ ઠરાવ (૧)ની શરતોમાં નીચે મુજબના સુધારા કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

(૧) આ યોજનામાં વિદેશ જવા માટે આપવી પડતી IELTS, TOEFL, GREની પરીક્ષાની પૂર્વ તૈયારી કરતા વિદ્યાર્થીઓને પણ લાભ આપવામાં આવશે.

| શરત નં. | વંચાણે લીધેલ ઠરાવ (૧)ની શરત | સુધારેલ શરત |
|---|---|---|
| ૨ | આ યોજના હેઠળ વિદ્યાર્થીઓને સહાય આપવામાં આવશે નહીં. પરંતુ સરકારશ્રી દ્વારા કોચીંગની વ્યવસ્થા કરવામાં આવશે. | આ યોજના હેઠળ સહાય ડીબીટી મારફતે સીધી જ વિદ્યાર્થીના ખાતામાં જમા કરવાની રહેશે. |
| ૪ | આ યોજના અંગેનો વર્ગ જ્યાં ચાલતો હોય ત્યાં ૮૦ ટકાથી વધારે ગુણ મેળવેલ હોય અને વાર્ષિક આવક રૂ.૪.૫ લાખથી ઓછી હોય તેવી આર્થિક રીતે પછાત વર્ગના કુટુંબની દિકરીઓને પણ પ્રવેશ આપી શકાશે. | સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોની માફક ૭૦ ટકાથી વધારે ગુણ મેળવેલ હોય તેવી અને વાર્ષિક આવક રૂ.૪.૫ લાખથી ઓછી હોય તેવી આર્થિક રીતે પછાત વર્ગના કુટુંબની દિકરીઓને પણ પ્રવેશ આપી શકાશે. |
| ૫ | આ યોજના હેઠળ સંસ્થાઓની પસંદગી રીઝલ્ટબેઝ ક્રાઇટેરીયા નિયત કરી સંસ્થાઓની પસંદગી કરી સંસ્થા ઇમ્પેનલ કરવાની રહેશે. | આવી પરીક્ષાઓના કોચીંગના ક્ષેત્રમાં ત્રણ વર્ષ કે તેથી વધુ વર્ષોનો અનુભવ ધરાવતી સંસ્થામાં વિદ્યાર્થીએ પ્રવેશ મેળવવાનો રહેશે તથા કોચીંગ સહાય સીધી જ ડીબીટી મારફતે વિદ્યાર્થીના ખાતામાં જમા કરવામાં આવશે. |

વંચાણે લીધેલ (૧) અને (૨) પરના વિભાગના સરખા ક્રમાંકના તા.૦૬/૦૮/૨૦૧૪ અને તા.૨૯/૧૦/૨૦૧૪ના ઠરાવોની અન્ય શરતો/જોગવાઇઓ યથાવત રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૨૭/૧૨/૨૦૧૯ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કે. એ. ચૌહાણ)
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

(૧) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

<u>નકલ રવાના:-</u>

(૧) માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

(૨) માન.રા.ક.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.

(૩) અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૪) એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.

(૫) નાણાં સલાહકારશ્રી(સા.ન્યા.), સચિવાલય, ગાંધીનગર.

(૬) પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.

(૭) તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.

(૮) નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.

(૯) સર્વે જિલ્લા નાયબ નિયામકશ્રી(વિ.જા.) (નિયામકશ્રી મારફત)

(૧૦) સેક્શન અધિકારીશ્રી(કો.સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતીસહ

(૧૧) સેક્શન અધિકારીશ્રી(બ-શાખા), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય

(૧૨) સિલેકટ ફાઇલ